(1) કોરોના વાયરસ વિરુદ્ધ NCC દ્વારા કઈ કવાયત હાથ ધરવામાં આવી છે ?

(A) NCC શ્રમદાન
(B) NCC લોકરક્ષક
(C) NCC અભય
(D) NCC યોગદાન

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 2 એપ્રિલના રોજ NCC (National Cadet Corps) દ્વારા ‘NCC યોગદાન કવાયત’ હાથ ધરવામાં આવી છે. આ કવાયત દ્વારા સરકારની કોરોના વાયરસ સમક્ષની લડાઈમાં મદદ પૂરી પાડવામાં આવે છે.

⇛ આ અંતર્ગત COVID-19 માટેની હેલ્પલાઈન તથા કોલ સેન્ટરમાં NCCના યુવકો કાર્ય કરશે. જેમાં માત્ર સિનિયર NCC યુવાઓ (18 વર્ષથી વધુ ઉંમરના) જ જોડાય શકશે.

⇛ NCC ‘રક્ષા મંત્રાલય’ હેઠળ કાર્ય કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘‘પ્રોજેકટ પ્રાણ’’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) આ પ્રોજેકટ IIT–બોમ્બે અને ઈસરોનો સંયુક્ત પ્રોજેકટ છે.

(ii) આ પ્રોજેકટ અંતર્ગત એક GPS આધારિત એપ્લીકેશનન તૈયાર કરવામાં આવી રહી છે. આ એપ્લીકેશન દ્વારા કોરોના વાયરસના દર્દીઓનું ‘કોન્ટેકટ ટ્રેસીંગ’ સરળતાથી થઈ શકશે.

(A) માત્ર (i)

(B) માત્ર (ii)

(C) (i) અને (ii) બન્ને

(D) આપેલ પૈકી એક પણ નહી

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ IISc બેંગાલૂરુના વૈજ્ઞાનિકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ‘‘પ્રોજેકટ પ્રાણ’’હેઠળ સંપૂર્ણ સ્વદેશી વેન્ટીલેટર બનાવવામાં આવ્યાં છે. (આથી, બન્ને વિધાન ખોટાં છે.)

⇛ આ વેન્ટીલેટરની બનાવટમાં પ્રેસર સેન્સર, રિવર્સ ઓસ્મોસીસ વોટર ફિલ્ટર તથા PLC બોર્ડ જેવા ઉપકરણોનો ઉપયોગ થયો છે.

⇛ PLCનું પૂરું નામ Programmable Logic Controller છે. જેનો ઉપયોગ મુખ્યત્વે પ્રોગ્રામીંગમાં કરવામાં આવે છે.

⇛ આ વેન્ટીલેટરના દરેક ઘટકો ભારતના જ છે આથી આ વેન્ટીલેટર 100% સ્વદેશી છે.

⇛ ભારતમાં હાલ માત્ર 40,000 જેટલાં જ વેન્ટીલેટર છે. ભારત મુખ્યત્વે સ્વિત્ઝર્લેન્ડમાંથી વેન્ટીલેટરની આયાત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) 'આરોગ્ય સેતુ' એપ્લીકેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(i) આરોગ્ય મંત્રાલય દ્વારા આ એપ્લીકેશન બનાવવામાં આવી છે.

(ii) આ એપ્લીકેશન બ્લૂટુથનો ઉપયોગ કરે છે.

(iii) આ એપ્લીકેશન દ્વારા જ્યારે કોઈ વ્યક્તિ 'કોરોના પોઝીટિવ' વ્યક્તિની નજીક આવે છે. ત્યારે તે વ્યક્તિને તેની જાણ કરવામાં આવે છે.

(A) માત્ર (ii) અને (iii)　　(B) માત્ર (iii)

(C) આપેલ તમામ　　(D) (i) અને (ii)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી હેઠળ કર્યા કરતાં NIC (National Informatics Center) દ્વારા 'આરોગ્ય સેતુ' નામની એપ્લીકેશન વિકસાવવામાં આવી છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

⇛ જો કોઈ વ્યક્તિ COVID-19થી ચેપગ્રસ્ત વ્યક્તિના 6 ફૂટના અંતરમાં હોય તો વ્યક્તિને આ બાબતની તુરંત જાણ કરવામાં આવે છે. (આથી, વિધાન (iii) સાચું છે.)

⇛ આ માટે આ એપ્લીકેશન GPS તથા બ્લૂટુથનો ઉપયોગ કરે છે. આ એપ્લીકેશનનો લાભ લેવા GPS તથા બ્લૂટુથનો ઉપયોગ કરે છે. આ એપ્લીકેશનનો લાભ લેવા GPS તથા બ્લૂટુથ હંમેશા 'ON' રાખવું પડે છે. (આથી, વિધાન (ii) સાચું છે.)

⇛ આ એપ્લીકેશન 11 ભાષાઓમાં ઉપલબ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) 'ઓપરેશન સંજીવની' વિશે નીચે.નામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.**

(A) આ ઓપરેશન અંતર્ગત ભારત દ્વારા માલદીવને જરૂરી દવાઓ પહોંચાડવામાં આવી છે.

(B) આ ઓપરેશનમાં ભારતના શ્રમીકો તથા મજદૂરોને સેનીટાઈઝર તથા જરૂરી જદાઓ ઘરે–ઘરે પહોંચાડવામાં આવશે.

(C) ભારત અને નેપાળનું આ એક સંયુક્ત ઓપરેશન છે જેમાં કોરોના વાયરસ માટેની આયુર્વેદીક કે કુદરતી દવાઓનું સંશોધન કરવામાં આવશે.

(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતે માલદીવને 'ઓપરેશન સંજીવની' હેઠળ 6.2 ટન જરૂરી દવાઓ પહોંચાડી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ COVID-19 સામે લડવાનો હતો.

⇛ આ માટે ભારતીય વાયુ સેનાના હર્ક્યુલસ વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

⇛ આ દવાઓમાં મુખ્યત્વે Lopinavir અને Ritonavir દવાઓ પહોંચાડવામાં આવી હતી. કેટલાંક દેશોમાં આ બન્ને દવાઓનો ઉપયોગ COVID-19ના દર્દીની સારવાર માટે કરવામાં આવે છે.

⇛ આ અગાઉ પણ માલદીવને 14-સભ્યોની આર્મી મેડીકલ ટીમની મદદ ભારત દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

(5) 'World Economic Situation and Prosects 2020' માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તાજેતરમાં આ રિપોર્ટ વિશ્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(ii) આ અંતર્ગત જણાવવામાં આવ્યું છે કે, COVID-19 દ્વારા વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્ર 1 ટ્રિલિયન ડોલર જેટલું નુકશાન થઈ શકશે.

(iii) ઓછા વિકસિત દેશો પાસે કાચો માલ વધુ હોવાથી તેને ફાયદો થશે.

(A) માત્ર (i) અને (iii)
(B) માત્ર (iii)
(C) માત્ર (ii)
(D) માત્ર (i) અને (ii)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ UNCTAD દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે, જેનું નામ 'World Economic Situation and Prospects 2020' છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

⇛ આ અંતર્ગત વૈશ્વિક અર્થતંત્ર પર COVID-19 દ્વારા શું અસર થશે તેની ચર્ચા કરવામાં આવી છે.

⇛ આ રિપોર્ટનું મુખ્ય તારણ છે કે, COVID-19ના કારણે વર્ષ 2020માં વૈશ્વિક અર્થતંત્રને 1 ટ્રિલિયન ડોલર જેટલું નુકશાન થશે. (આથી, વિધાન (ii) સાચું છે.)

⇛ સૌથી ખરાબ કિસ્સામાં જો વિશ્વ માત્ર 0.5%ના દરે વિકાસ કરે તો વૈશ્વિક GDPને 2 ટ્રિલિયન ડોલર જેટલું પણ નુકશાન થઈ શકે તેમ છે.

⇛ ચીનની સપ્લાય–ચેઈન ખોરવાઈ જતાં તથા ક્રુડ તેલના ભાવમાં અનિશ્ચિતતા આવતાં વૈશ્વિક અર્થતંત્ર પણ અનિશ્ચિત બન્યું છે.

⇛ ઓછા વિકસિત દેશો કે જેના અર્થતંત્રો મુખ્યત્વે કાચા માલની નિકાસ દ્વારા ચાલે છે તેમને પણ કઠિન પરિણામોનો સામનો કરવો પડશે. (આથી, વિધાન (iii) ખોટું છે.)

⇛ UNCTADનું પૂરું નામ United Nations Conferrence on Trade and Development છે.

⇛ તેની સ્થાપના 1964માં થઈ હતી તથા તેનું વડું મથક સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા શહેરમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT